# જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
# જોરાવર પેલેસ,બનાસકાંઠા,પાલનપુર

Email Id :bnsdeo@gmail.com

Phone No: 02742- 257055


**સ્મૃતિપત્ર-૧**

ક્રમાંક:મા.વિ.૩/NSS/૨૦૧૮/ ૨૮૧૭૭

તા:-૨૯/૦૬/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
એન.એસ.એસ.ધરાવતી શાળાઓ,
બનાસકાંઠા,પાલનપુર

**વિષય:- સને-૨૦૧૮-૧૯ ના વર્ષ માટે રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવકોની ફાળવણીની માહિતી મોકલવા બાબત...**
**સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગરના પત્રક્રમાંક:રસય/૦૧/રકક્ષા/સ્વયં.ફા./૨૦૧૮ તા.૦૨/૦૬/૧૮**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે રાષ્ટ્રીય સેવા યોજના ના સ્વયંસેવકોની ફાળવણી કરવાની થાય છે. ચાલુ વર્ષ ઉચ્ચ માધ્યમિક શાળાઓ રાષ્ટ્રીય સેવા યોજનાનું નવું યુનિટ શરૂ કરવા માંગતી હોય તેવી શાળાનું નામ,સરનામું,ઉ.મા.પ્રવાહમાં વિધાર્થીઓની સંખ્યા કેટેગરી વાઈઝ, યુનિટની મંજુરીની સંખ્યા, મંડળનો ઠરાવ,પોગ્રામ ઓફિસરની નિયુકિતનો ઠરાવ સાથેની દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી આંપવાની રહેશે. જેથી આ કચેરી દવારા સમયસર નવા યુનિટની મંજુરી અંગે આગળની કાર્યવાહી કરી શકાય.

વધુમાં જણાવવાનું કે સને ૨૦૧૮-૧૯ માં જે શાળાઓ એન.એસ.એસ.નું યુનિટ બંધ કરવા માંગે છે. તેની માહિતી તથા જે શાળાઓએ સને ૨૦૧૭-૧૮ માં એન.એસ.એસ. કાર્યરત છે. તેની યાદી તથા પ્રફોર્મા મુજબની માહિતી આ કચેરીને તા.૦૧/૦૭/૨૦૧૮ સુધીમાં મોકલી આપવાની રહેશે. જેથી સને ૨૦૧૮-૧૯ ના સ્વયંસેવકોની કેટેગરી વાઈઝ ફાળવણી સમયસર કરી શકાય.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

**નકલ રવાના જાણ તથા અમલ સારૂ:-**

- લાયઝન અધિકારીશ્રી,તમામ સદર કચેરી,જિ.બં.કાં

[Type text]